# ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ

"વિદ્યાયન", સેક્ટર-10-એ, ગાંધીનગર-382010.

પત્રક્રમાંક: ૧૮૪૮૯-૪૩૦

તારીખ: 18 DEC 2018

પ્રતિ,

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

જિલ્લા - તમામ.

વિષયઃ ઓન-લાઈન ટેક્સ્ટબુક ઈન્ડેન્ટ સિસ્ટમ દ્વારા માહિતી આપવા બાબત.

શ્રીમાન,

સવિનય ઉપર્યુક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર શૈક્ષણિક વર્ષઃ 2019-20 માટે ઓન-લાઈન ટેક્સ્ટબુક ઈન્ડેન્ટ સિસ્ટમ દ્વારા રાજ્યના તમામ જિલ્લાઓમાંથી શાળા વિકાસ સંકુલ દ્વારા માધ્યમ, વિષય પ્રમાણે ધોરણ ૯ થી 12 માં વિદ્યાર્થી સંખ્યા મુજબ પાઠ્યપુસ્તક જરૂરીયાત માટે ઓન-લાઈન ડેટા ચકાસણી કરી એન્ટર કરવાની કામગીરી **તા.26/12/2018 થી તા.20/01/2019, 23.59 કલાક સુધીમાં શાળા વિકાસ સંકુલના કન્વિનરશ્રી દ્વારા SVS કક્ષાએથી નીચે મુજબ પુર્ણ કરવાની રહેશે.**

- ઓન-લાઈન ટેક્સ્ટબુક ઈન્ડેન્ટ સિસ્ટમમાં ડેટા એન્ટર કરવા માટે **gsbstb.online** વેબસાઈટ દ્વારા કરવાની રહેશે.
- **gsbstb.online** વેબસાઈટ પર દરેક શાળા વિકાસ સંકુલ(SVS) અને જિલ્લાના લોગીન યુઝરની યાદી આપેલ છે. તેમાં આપેલ આપના શાળા વિકાસ સંકુલ(SVS) ના યુઝર નેમ દ્વારા જ લોગીન કરવું.
- **શાળા વિકાસ સંકુલ(SVS) માટેનો પ્રથમ વખતનો પાસવર્ડ SvS@2019 આપવો. ત્યારબાદ પાસવર્ડ બદલવો જરૂરી છે.**
- પાસવર્ડ બદલ્યા પછી **Profile** ખુલશે. જેમાં રહેલ તમામ માહિતી ચેક કરી તેમાં સુધારો કરી અને નવી માહિતીને **Save** કરવી જરૂરી છે.
- ત્યારબાદ **Request Books** મેનુ પસંદ કરો.
- જેમાં, શાળાનો પ્રકારઃ **સરકારી, અનુદાનિત, આશ્રમશાળા, મોડેલ સ્કુલ** પસંદ કરો.
- **ધોરણ, માધ્યમ, વિષય પસંદ કરી પાઠ્યપુસ્તક જરૂરીયાતની સંખ્યા એન્ટર કરી Submit કરો.**

1. **ધોરણ 9 માટે શૈક્ષણિક વર્ષઃ 2018-19 મુજબ ધોરણ 9 ની સંખ્યા અથવા શક્ય હોય તો TPEO નો સંપર્ક કરી ધોરણ 8 ની સંખ્યા મેળવી, ચકાસી સંખ્યા આપવી.**
2. **ધોરણ 10 માટે શૈક્ષણિક વર્ષઃ2018-19ના ધોરણ 9 ની વિદ્યાર્થી સંખ્યા**

GS
BS
TB
IT
27
1

3. ધોરણ 11 માટે શૈક્ષણિક વર્ષ:2018-19ના ધોરણ 11 ની વિદ્યાર્થી સંખ્યા
4. ધોરણ 12 માટે શૈક્ષણિક વર્ષ:2018-19ના ધોરણ 11 ની વિદ્યાર્થી સંખ્યા

- આ માહિતીને રીપોર્ટ સ્વરૂપે મેળવવા માટે Reports મેનુમાં જઈ રીપોર્ટ ચેક કરો.
- તમામ ઉપરોક્ત માહિતી એન્ટર કરી રીપોર્ટ ચકાસણી કર્યા બાદ જ રીપોર્ટમાં "Confirm and Lock" પર ક્લીક કરવાથી આપની માહિતી લોક થશે. ત્યારબાદ આ માહિતીમાં કોઈ સુધારો-વધારો થઈ શકશે નહીં. **આ કામગીરી શાળા વિકાસ સંકુલ કક્ષાએથી તા.20/01/2019 સુધીમાં પુર્ણ કરવાની રહેશે.**
- આ માહિતી કન્ફર્મ એન્ડ લોક થયા બાદ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી પોતાના લોગીનમાં જઈ શાળા વિકાસ સંકુલ મુજબ ઉપરોક્ત તમામ માહિતી જોઈ અને તેની ચકાસણી કરી શકશે.
- આપના જિલ્લાના તમામ શાળા વિકાસ સંકુલની ડેટા એન્ટર કરવાની કામગીરી શરૂ, કાર્યરત કે પુર્ણ કરેલ હોય તથા તમામ શાળા વિકાસ સંકુલના કન્વિનરશ્રીએ કન્ફર્મેશન આપેલ છે. જે Status જિલ્લાના લોગીનમાં જઈ જોઈ શકાશે.
- **જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ જિલ્લાના તમામ શાળા વિકાસ સંકુલ 'કન્ફર્મ એન્ડ લોક'** થયા બાદ અને રીપોર્ટ ચકાસણી કર્યા બાદ જ જિલ્લાના લોગીન રીપોર્ટમાં "Confirm and Lock" પર ક્લીક કરવાથી આપના જિલ્લાની માહિતી લોક થશે.
- પાઠ્યપુસ્તકની જરૂરીયાત બતાવતી વખતે આપના શાળા વિકાસ સંકુલમાં આવતી શાળાંઓના રજીસ્ટરમાં દર્શાવેલ ધોરણવાર વિદ્યાર્થી સંખ્યા ઉપરોક્ત બાબતને ધ્યાને લઈ માહિતી ભરવા ભલામણ છે. **જેની UDISE માં ભરેલ માહિતી સાથે ચકાસણી થશે.**
- **શાળા વિકાસ સંકુલના કાર્યક્ષેત્રમાં આવતી ધો.9 થી 12 માટે વિના-મુલ્ય પાઠ્યપુસ્તક મેળવનાર શાળાઓની માંગણી કન્વિનરશ્રીએ સ્વીકારવાની રહેશે.**
- ઉપરોક્ત મળેલ તમામ શાળાઓ માટેના પાઠ્યપુસ્તકની જરૂરીયાતની ચકાસણી માન.કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગર દ્વારા કરવામાં આવશે અને ત્યારબાદ પાઠ્યપુસ્તકો આપના શાળા વિકાસ સંકુલ સુધી પહોંચાડવાની કામગીરી શરૂ કરવામાં આવશે.

આમ, શૈક્ષણિક વર્ષ:2019-20 માટેના પાઠ્યપુસ્તકોની જરૂરીયાતની માહિતી એન્ટર કરવાની અને આપની કક્ષાએથી ઉપરોક્ત કામગીરી <u>તા.26/01/2019</u> સુધીમાં આપના જિલ્લાના લોગીનમાં જઈ પુર્ણ કરવા આપશ્રીને જાણ કરવામાં આવે છે.

(પી.ભારતી-IAS)
નિયામક
ગુ.રા.શા.પા.પુ.મંડળ,
ગાંધીનગર

<u>સવિનય નકલ રવાના:</u> નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.9, ડૉ.જે.એમ.ભવન, ગાંધીનગર.

GS
BS
TB
IT
27

ક્રમાંક: માવિ.પ/પા.પુ./૨૦૧૮૧૯/૮૩૦૬૬-૬૭

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા,પાલનપુર
તા.૨૮/૧૨/૨૦૧૮

નકલ રવાના જાણ તથા નિયત સમયમર્યાદામાં કામગીરી પુર્ણ કરવા અર્થે.

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા, પાલનપુર

૧-પ્રતિ,
કન્વીનરશ્રી,
એસ.વી.એસ. તમામ
જિ.બનાસકાંઠા
૨.પ્રતિ,
લાયઝન અધિકારીશ્રી,
એસ.વી.એસ.તમામ,
જિ.બનાસકાંઠા